| | |
|---|---|
| રજુ થયા તારીખઃ | ૨૫/૦૭/૨૦૨૩ |
| દાખલ થયા તારીખ | ૨૫/૦૭/૨૦૨૩ |
| ફેસલ થયા તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ |
| અવધિઃ | વર્ષઃ માસઃ દિવસઃ |

---

**બોટાદના મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં,**
**મુ. બોટાદ.**

---

ફોજદારી કેસનંબરઃ–૨૯૮૪/૨૦૨૩

આંક–

શ્રી સરકાર

..... .....ફરીયાદી.

**વિરૂધ્ધ**

**બટુકભાઇ ગોવીંદભાઇ ગોસલીયા,**
ઉ.વ.આ.૩૪, ધંધો – મજુરી,
રહે.ઘાઘરેટીયા, તા.લીંબડી, જિ.સુરેન્દ્રનગર

.... ....આરોપી.

---

**ગુનોઃ–ઇ.પી.કો.કલમ–૩૫૪(ડી), ૫૦૪, ૫૦૬(૨) મુજબ.**

---

શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી ડો.પી.એન.કાંગ્રીચા.
આરોપી તરફે વિ.વકીલ શ્રી આર.એ.લીંબડીયા

---

**:: ઠ રા વ ::**

**૧)** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીને આ કામના આરોપી સાથે ત્રણેક વર્ષથી પ્રેમસબંધ હતો અન ફરિયાદીના પતિને નહીં ગમતા ફરિયાદી બોટાદ ખાતે રહેવા આવતા આરોપીએ ફરિયાદીના ઘરે આવી તું મારી સાથે કેમ બોલતી નથી તેમ કહી ફરિયાદીએ ઘરે આવવાની ના પાડતા ઉશ્કેરાઇ જઇ ફરિયાદીને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી તથા અગાઉનો પ્રેમસબંધ ચાલુ રાખવા

દબાણ કરતા તેની ફરિયાદી ના પાડવા છતાં પીછો કરી, આરોપીએ ગુનો કર્યાની થયેલ ફરીયાદ અનુસંધાને તપાસના અંતે આરોપી વિરૂદ્ધ તપાસ કરનાર અધિકારીએ પુરતો પુરાવો જણાતાં, હાલના ગુનાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

૨) આ કામે આરોપીને સમન્સ કરતાં, આરોપી હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક-૦૬ થી આરોપી વિરૂદ્ધ તહોમતનામુ ફરમાવી, આરોપીની આંક-૦૭ હેઠળ પ્લી વાંચી સંભળાવી, સમજાવી, નોંધતાં, આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, આરોપી સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી આંક-૧૪ થી કલમ ઉમેરો અરજી આપતા જે લગત તા.૦૭/૧૦/૨૦૨૪ ના રોજ હુકમ કરી અરજી મંજૂર કરતા આંક-૬ વાળા તહોમતનામાં ઉમેરો કરી નવું તહોતમતનામુ આંક-૨૦ થી ફરમાવવામાં આવેલ અને તે લગત આંક-૨૧ થી આરોપીની પ્લી વાંચી, સંભળાવી, સમજાવી, નોંધતાં, આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, આરોપી સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

૩) આ કામે ઉપરોક્ત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | સાહેદ ચેતનકુમાર મહાદેવભાઇ ઝાપડીયાની જુબાની |
| ૨ | ૧૩ | સાહેદ જસુબેન ચેતનકુમાર ઝાપડીયાની જુબાની |
| ૩ | ૨૬ | ફરિયાદી ધર્મીષ્ઠાબેન ચેતનભાઇ ઝાપડીયાની જુબાની |

**ફરીયાદપક્ષનો લૈખિત પુરાવો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૭ | ફરિયાદની ખરીનકલ |

૪) આ કામે બંને પક્ષકારોએ આંક-૨૫ થી સમાધાન પુરસીસ રજૂ કરેલ છે જેમાં બંને પક્ષકારને સ્વૈચ્છિકતાની ખરાઇ કરી ઇ.પી.કોડની કલમ-૫૦૪ પુરતો સમાધાન રેકોર્ડેડ કરી આરોપીને ઇ.પી.કોડની કલમ-૫૦૪ પુરતો નિર્દોષ ઠરાવેલ અને ઇ.પી.કોડની કલમ-૩૫૪(ડી), ૫૦૬(૨) પુરતો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૫) ઉપરોક્ત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાદ ફરિયાદપક્ષ તરફે આંક – ૨૮ થી પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આ કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા પુરતો પુરાવો જણાતાં આરોપીનું સંહિતાની કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ સંહિતાની કલમ-૩૧૪ મુજબ ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૬) આ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદીને આ કામના આરોપી સાથે ત્રણેક વર્ષથી પ્રેમસબંધ હતો અન ફરિયાદીના પતિને નહીં ગમતા ફરિયાદી બોટાદ ખાતે રહેવા આવતા આરોપીએ ફરિયાદીના ઘરે આવી તું મારી સાથે કેમ બોલતી નથી તેમ કહી ફરિયાદીએ ઘરે આવવાની ના પાડતા ઉશ્કેરાઇ જઇ ફરિયાદીને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી તથા અગાઉનો પ્રેમસબંધ ચાલુ રાખવા દબાણ કરતા તેની ફરિયાદી ના પાડવા છતાં પીછો કરી, આરોપીએ ઇ.પી.કો. કલમ – ૩૫૪(ડી), ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨) શું હુકમ?

૭) ઉપરોક્ત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

૮) ઉપરોક્ત નિર્ણયો કરવા અંગેના કારણો નીચે મુજબ છે.

***મુદ્દા નં.૧.***

૯) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. ***નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂદ્ધ લેખરાજ [૨૦૦૦ સુપ્રિમકોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ)]*** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જ્યારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકના કારણે ફરીયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે. નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઈએ નહી. સાહેદે આપેલી

જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે, કઈ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ.

**૧૦)** સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**૧૧)** ફરીયાદપક્ષે આ કામે આરોપીઓ સામે ઇ.પી.કો.કલમ-૩૫૪(ડી), ૫૦૬(૨) મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ મુકેલ છે. ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષના અગત્યના **સાહેદ ઝાપડીયા ચેતનકુમાર મહાદેવભાઇ ઝાપડીયાની આંક-૧૨** થી સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતાં તેઓ જણાવે છે કે, તા.૦૫/૦૪/૨૦૨૩ ના રોજ બપોરના સાડા બાર વાગ્યે તેઓ તથા તેમના પત્ની તેમના ઘરે હાજર હતા ત્યાર બટુકભાઇ ગોવીંદભાઇ આવી તેમને તથા તેમના પત્નીને ગાળો આપવા લાગેલ અને તારા ફોટા અને વીડિયો વાયરલ કરી નાખીશ તેવી ધમકી આપેલ અને તેમના પત્નીને કહેલ કે જો તું તેની સાથે સબંધ નહીં રાખે તો તે તેના ધણીને અને છોકરાને મારી નાખશે અને આરોપી આવી ધમકી તેઓની પત્ની અવારનવાર આપતો હતો અને બનાવના દિવસે તેઓ ઘરે હતા, અગાઉ બે વાર ધમકી આપેલ ત્યારે હાજર ન હતા, આ અંગે તેઓની પત્નીએ ફરિયાદ કરેલ જે અન્વયે પોલીસે પુછપરછ કરેલ, આરોપીને જોઇએથી ઓળખે છે.

ત્યારબાદ સદરહુ સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વિકારેલ છે કે, તેઓ તથા બટુકભાઇ એક જ ગામના છે અને તેને પહેલેથી જ ઓળખે છે, હાલ તેઓ તેમનુ રોજીંદુ કામકાજ કરે છે અને બહાર સ્વતંત્ર રીતે એકલા જાય છે, તેઓના નીવેદનમા ગાળોના ચોક્કસ શબ્દો જણાવેલ નથી,

તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ ફોટો વીડિયો વાયરલ કરવાની હકિકત જણાવેલ છે તે તેમના નીવેદનમાં જણાવેલ નથી.

**૧૨)** ફરીયાદપક્ષના અગત્યના **સાહેદ ઝાપડીયા જશુબેન ઘનશ્યામભાઈ ઝાપડીયાની આંક-૧૩** થી સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતાં તેઓ જણાવે છે કે, તા.૦૫/૦૪/૨૦૨૩ ના રોજ બપોરના સાડા બાર વાગ્યે ચેતનભાઈ અને તેના પત્ની બોટાદ રહેવા આવતા રહ્યા બાદ પણ બટુકભાઈ ગોવીંદભાઈ પાછળ આવતા હતા અને તેમના ભત્રીજાની અગાઉ પત્ની સાથે પ્રેમસબંધ હોય તું આવ એમ કહી ત્રાસ આપતા હતા જે કારણસર બોટાદ રહેવા આવતા બોટાદમાં પણ પાછળ પાછળ આવતા હતા, તેમના જેઠના દિકરા કારખાને ગયા હોય ત્યારે તેની રૂમે જઈ તેની પત્નીને ધમકી આપતો હતો તથા મારી નાખવાની ધમકી આપતા, આ અંગે તેમના ભત્રીજાની વહુએ આબરૂ જવાની બીકે જણાવતા ન હતા, તેમના ભત્રીજાની વહુએ ફરિયાદ કરેલ જે અન્વયે પોલીસે પુછપરછ કરેલ, આરોપીને જોઈએથી ઓળખે છે.

ત્યારબાદ સદરહુ સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વિકારેલ છે કે, તેઓ તથા બટુકભાઈ એક જ ગામના છે અને તેને પહેલેથી જ ઓળખે છે, તેઓના નીવેદનમા ગાળોના ચોક્કસ શબ્દો જણાવેલ નથી, તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ ફોટો વીડિયો વાયરલ કરવાની હકિકત જણાવેલ છે તે તેમના નીવેદનમાં જણાવેલ નથી. પોલીસે તેઓને માત્ર નામ સરનામું પુછેલ અને બાકીની હકિકત પોલીસને ચેતનભાઈએ લખાવેલ.

**૧૩)** ફરીયાદપક્ષના અગત્યના સાહેદ **ફરીયાદી ધર્મીષ્ઠાબેન ચેતનભાઇ ઝાપડીયાની આંક-૨૬** થી સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતાં તેઓ જણાવે છે કે, આ કામના આરોપી બટુકભાઈ તેમના ગામના છે અને તેમની સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કશુ બનેલ નથી, જે તે વખતે આવેશમાં આવીને બોટાદ પોલીસ સ્ટશને ફરિયાદ આપેલી, જે ફરિયાદીની ખરીનકલ બતાવતા જે જોઈને કહે છે કે તેમાં તેઓની સહી છે જે તે

જ છે જે રજૂ દાખલ આંક–૨૭ આપવામાં આવેલ છે, આરોપી તેમના ગામના હોય ઓળખે છે.આરોપી સાથે ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે. સદર સાહેદ તેમની જુબાનીમાં રજુ થયેલ ઉપરોક્ત ફરીયાદની હકિકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવામાં આવેલ. જેમાં તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા નથી. ત્યારબાદ ફરીયાદીની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થતા તેઓએ ઉશ્કેરાટમાં ફરિયાદ આપેલ, આરોપી સાથે ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે, આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહીં અને પોલીસે ફરિયાદ જાતે લખી લીધેલ અને માત્ર સહી કરવાનું કહેતા સહી કરેલ.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

**૧૧)** આ કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતાં ઈ.પી.કો.ક. ૩૫૪(ડી), ૫૦૬(૨) મુજબનો આક્ષેપ કરેલ છે. સદર ગુનાના આવશ્યક તત્વો ધ્યાને લીધેલ છે.

**૧૨)** હવે આ કામે આક્ષેપિત કલમોના તત્વો પુરવાર થાય છે કે કેમ? તે અંગે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં સૌપ્રથમ ફરીયાદપક્ષ દ્વારા આ કામે મુળ ફરિયાદી ધર્મીષ્ઠાબેન ચેતનભાઇ ઝાપડીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને ફરિયાદપક્ષને સમર્થન કરતો પુરાવો ન આપતા વિએપીપીશ્રીએ વિમુખ જાહેર કરવા છતાં ફરિયાદની હકિકત જણાવતા નથી. તેમજ તેઓએ તેમની ઊલટતપાસમાં સ્વીકારેલ છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થતા ઉશ્કેરાટમાં ફરિયાદ આપેલ, તેઓને અને આરોપી વચ્ચે ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે અને આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી તથા પોલીસે ફરિયાદ જાતે લખી લીધેલ અને સહી કરવાનું કહેતા સહી કરેલ. ઉપરોક્ત સંજોગોમાં ફરિયાદપક્ષના કેસને સાંયોગિક પુરાવાથી પણ સમર્થન મળેલ નથી. આમ,

આ કામે ફરિયાદપક્ષ આ કામના આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ હોય, તેવી કોઈ હકીકત નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. ઉપરોક્ત તમામ સંજોગોમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનાં આધારે આ કામના આરોપીને હાલનાં ગુના સાથે સાંકળી શકાય નહિ તેવું આ અદાલતનું નમ્રપણે માનવું છે.

**૧૨.૧)** વધુમાં આ કામે સાહેદોને આંક-૧૨ તથા આંક-૧૩ થી સોગંદ પર તપાસેલ છે કે જેઓએ તેમના નીવેદન મુજબ ફરિયાદપક્ષન સમર્થન કરતો પુરાવો આપેલ છે. જ્યારે બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા સાહેદોની કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં તેમાં પણ તેઓએ જણાવેલ છે કે, બટુકભાઈ તેમના ગામના છે અને તેને પહેલેથી જ ઓળખે છે, તેઓ તેમનું રોજીંદુ કામકાજ કરે છે અને બહાર એકલા સ્વતંત્ર રીતે જાય છે, તેઓના નીવેદનમાં ગાળોના ચોક્કસ શબ્દો જણાવેલ નથી, તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ ફોટો તથા વીડિયો વાયરલ કરવાની જે હકિકત જણાવેલ તે તેમના નીવેદનમાં જણાવેલ નથી. આમ, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદોની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઈએ તો આરોપી વિરૂદ્ધનો ગુન્હો પુરવાર કરવાના કોઈપણ તત્વો આ સાહેદની જુબાની થકી અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ ભોગબનનાર ખુદ ફરિયાદી જ બનાવની હકિકતને સમર્થન કરતા ન હોય ત્યારે સદરહું સાહેદોની જુબાની શંકાસ્પદ બની જાય છે. જેથી સદરહું સાહેદોની જુબાની પર આધાર રાખી શકાય નહીં તેવું આ અદાલતનું નમ્રપણે માનવું છે.

**૧૩)** વધુમાં આ કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૬(૨) નો આક્ષેપિત ગુનો છે જે ગુનાની કાયદાકીય જોગવાઈઓ વંચાણે લેવી જરૂરી છે.

**<u>કલમ-૫૦૬(૨) ગુનાહિત ધમકીની સજાઃ-</u>**

કોઈપણ વ્યક્તિ, ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગર કરવાની હોય અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્ર્યહિનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

ઉપરોક્ત કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં, આ ગુનાઓ પુરવાર કરવા માટે આરોપી દ્વારા આપવામાં આવેલ ગુનાહિત ધમકીથી ફરીયાદી, ઈજાપામનારને તેવી ધમકીના કારણે તાત્કાલીક મૃત્યુની બીક હેઠળ આવી ગયેલ હતાં તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે. જો ફરીયાદી આવી હકીકત પુરવાર કરી શકે નહી તો ભારતીય દંડ સંહિતાની કલમઃ- ૫૦૬(૨) હેઠળના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. હાથ પરના કેસમાં ચકાસતા આરોપીએ ફરીયાદીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવા અંગેનો ફરીયાદમાં જે આક્ષેપ મુકેલ છે. જે સંદર્ભે ફરીયાદીનો સોગંદ પરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો ફરીયાદી અદાલત સમક્ષની જુબાનીમાં તેવી કોઇ જ હકીકત જણાવતા નથી. તેવા સંજોગોમાં આરોપી વિરૂધ્ધ આક્ષેપવામાં આવેલ ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૬(૨) મુજબના ગુન્હાના કોઇ જ તત્વો પુરવાર થતા નથી.

**૧૪)** આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં, ફરીયાદ મુજબનું કૃત્ય આરોપીએ ફરીયાદી સાથે આચરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તથા સાહેદો તેની જુબાનીમાં જણાવતા નથી. આમ, સમગ્રરીતે જોતાં, ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, જેથી ઉપરોક્ત કરેલ ચર્ચાઓ મુજબ ફરીયાદપક્ષ આરોપી સામે ભારતીય દંડ સંહિતા કલમ – ૩૫૪(ડી), ૫૦૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ પુરવાર કરી શકેલ ન હોય તે સબબ મુદ્દા નં.૧નો જવાબ "નકાર"માં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ નો જવાબ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## :: <u>આ ખ રી હુ ક મ</u> ::

**(૧)** આરોપી બટુકભાઇ ગોવીંદભાઇ ગોસલીયા, રહે.ઘાઘરેટીયા, તા.લીંબડી, જિ.સુરેન્દ્રનગરનાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ-૩૫૪(ડી), ૫૦૬(૨) મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ સી.આર.પી.સી.ની કલમ-૪૩૭(એ) મુજબ અપીલના કામે હાજર રહેવાની ખાત્રી આપતો છ માસની સમય મર્યાદા માટેના આરોપીએ રૂ.૫૦૦૦/- ના જામીન અને તેટલી જ રકમનો મુચરકો અત્રેની કોર્ટમાં રજુ કરવો.

હુકમ આજ તારીખઃ-૧૩મી માહેઃ-માર્ચ, સનેઃ-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળઃ બોટાદ
તારીખઃ-૧૩/૦૩/૨૦૨૬

**(એન. એચ. શેખ)**
એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
તા.જિ.બોટાદ.
(જી.જે. ૦૦૮૬૩)

સી.એમ.નાડિયા